# श्रीमती गंगाबाई जैन चेरिटेबल ट्रस्ट

विलेपारले [वेस्ट] मुंबई.

卐 卐

श्रुतज्ञानप्रकाशनमाला-चतुर्थं पुष्पम्

ॐ नमो भगवओ अरहओ महइ महावीरवद्धमाणसामिस्स
अक्षीणमहानसीलब्धिसपन्नाय श्री गौतमगणधराय नमः ।
नमोऽस्तु श्रीगुरुभवते श्रीरामचन्द्रसूरिपुंगवाय ।

# श्रीभवभावनाप्रकरणम् [स्वोपज्ञटीकासमेतम्]

## [द्वितीयो विभागः]

(संगृहीतपाठभेदसहित)

सपादक सशोधकश्च–
सुबोधचन्द्र नानालाल शाह

प्रकाशक :–
श्रीमती गंगाबाई जैनचेरिटेबल ट्रस्ट, वीलेपारले, मुंबई--४०० ०५६.

प्रकाशक :
श्रीमती गंगाबाई जैन चेरिटेबल ट्रस्ट.
सुंदरवन, वीलेपारले (प), मुंबई-५६.

आवृत्ति : प्रथमा
प्रतय: ७५०
मूल्य १०० रुपिया
विक्रम सवत् २०४३
इस्वीसन् १९८६

मुद्रक :
**संगीता प्रिन्टींग प्रेस,**
५, कपूर कॉटेज, छट्ठो रस्तो,
साताक्रुझ (पूर्व), मुबई--५५.

संघस्थविर, सुविहितशिरोमणि, आचार्यकुलचूडामणि, व्याख्यानवाचस्पति, सुविशालगच्छाधिपति, गुरुभगवत,

**स्तुतिः**

त्वत्पादौ यदि
वावहीमि शिरसा
त्वत्कर्तृ कोपक्रिया-
प्राग्भारात् तदपि
श्रयामि भगवन् ।
नापर्णता कर्हिचित् ॥



१००८ श्रीमद् विजयरामचन्द्रसूरीश्वरजी महाराज

**स्तुति**

उपकारी गुरु-
भगवान् । आपे
अमारा उपर
करेला
उपकारोनु
करज चूकववा
माटे अमे आपना
चरणोने
मस्तकथी उपा-
डीने फरीए तोय
ते करज
चूकवावानु नथी

# સમર્પણ

અપાર વાત્સલ્યના નિધાન, જિનશાસનના રહસ્યોના પાન કરનાર, આ વિષમ કલિકાલમાં જડવાદની મેઘઘટાને વેરવિખેર કરવા માટે સદા કટિબદ્ધ, શુદ્ધ જિનમાર્ગના પ્રરૂપક, લૌકિક અને લોકોત્તર મિથ્યાદૃષ્ટિઓ દ્વારા પ્રહાર પામતા જિનમાર્ગની રક્ષા માટે જેઓ પોતાનું સમગ્ર જીવન ન્યોચ્છાવર કરી રહ્યા છે તે, સેંકડો શ્રમણ ભગવંતોના આરાધ્યદેવ, હજારો શ્રાવક શ્રાવિકાઓના અધ્યાત્મમાર્ગના એકમાત્ર આધાર, સુવિહિતશિરોમણિ, સંઘસ્થવિર, સુવિશાલગચ્છાધિપતિ આચાર્યકુલદિવાકર,

૧૦૦૮ **શ્રી શ્રી શ્રી વિજયરામચન્દ્રસૂરિ ભગવંતના** પાવન કરકમલોમાં આ ભવભાવના ગ્રંથને સમર્પણ કરીએ છીએ.

અમે છીએ આપના ચરણકિંકર

**શ્રીમતી ગં. જૈ. ચે. ટ્રસ્ટના ટ્રસ્ટીઓ**

કાન્તિલાલ ચુનીલાલ શાહ

શૈલેષ પ્રાણલાલ કાપડિયા

સુબોધચન્દ્ર નાનાલાલ શાહ

# પ્રસ્તુત ભવભાવના ગ્રંથના બીજા ભાગમાં પોતાના હસ્તકના જ્ઞાનદ્રવ્યનો લાભ લેનાર મહાનુભાવો

૨૫૦૦૦-૦૦ પરમઆરાધ્યપાદ, સુવિશાલગચ્છાધિપતિ, સંઘસ્થવિર, વ્યાખ્યાનવાચસ્પતિ, આચાર્યભગવંત, શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ ૮૦ મુનિભગવંતો તથા ૨૫૦ સાધ્વી સમુદાયના વિશાળ પરિવારપૂર્વક શાન્તિનગર શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, ઉસ્માનપુરા, અમદાવાદ ઉપાશ્રયમાં સંવત ૨૦૩૯ ની સાલમાં ચાતુર્માસ કર્યું તે દરમ્યાન થયેલ જ્ઞાનખાતાની ઉપજમાંથી.

૨૦૦૦૦-૦૦ પૂજ્યપાદ પરમશાસનપ્રભાવક, વ્યાખ્યાનવાચસ્પતિ, સુવિશાળગચ્છાધિપતિ, આચાર્યદેવ, શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાની આજ્ઞાથી કાંદિવલી, શંકરગલી ચાતુર્માસ રહેલ પૂજ્યશ્રીજીના પ્રશિષ્ય પૂ. મુનિરાજ શ્રીજયભદ્રવિ.મ. આદિની નિશ્રામાં ચાતુર્માસ દરમ્યાન ઉત્પન્ન થયેલ જ્ઞાનખાતાની રકમમાંથી ઉદયાત તિથિ આરાધક વર્ગ, કાંદિવલી (પશ્ચિમ) તરફથી.

૩૦૦૧-૦૦ સાધ્વીજી શ્રી અરૂણશ્રીજી મહારાજની પ્રેરણાથી હરકીશનદાસ શેઠની પોળ (માંડવીની પોળ) અમદાવાદની બહેનોના ઉપાશ્રયના જ્ઞાનખાતામાંથી.

૩૦૦૦-૦૦ અ. સૌ. ઇન્દુબેન સુમતિલાલના પુણ્યસ્મરણાર્થે દોલૂલાલ લીલાચન્દ (બહાદરપુર - ખાનદેશ) પરિવાર તરફથી.

# પ્રકાશકની વાત

મલધારગચ્છીય, પરમગીતાર્થ, સુવિશુદ્ધપ્રરૂપક, આચાર્યશિરોમણિ, શ્રી હેમચન્દ્રસૂરિવિરચિત **ભવભાવના** પ્રકરણનો બીજો ભાગ પ્રથમ ભાગના મુદ્રણ પછી માત્ર છ માસના ગાળામાંજ અમે સંઘ સમક્ષ મૂકી શકીશું એ કલ્પના તો અમે સ્વપ્ને પણ સેવી ન હતી. અને સેવીએ પણ કેવી રીતે ? બીજો ભાગ કંઇ નાનો સૂનો તો ન જ હતો ને ? પૂરા ૫૦૦ થી ૫૫૦ પાનાનો હતો.

પણ .........

પ્રથમ ભાગના મુદ્રણ પછી અનેક આચાર્યભગવંતો, શ્રમણભગવંતો, ~~ભગવંતો~~, શ્રમણીભગવંતો, તથા અનેક સંઘના કાર્યવાહકોની બીજો ભાગ તરત મુદ્રિત કરાવી સંઘ સમક્ષ મૂકવાની માગ અમારી સમક્ષ આવી કે જે માગે કોઈ પણ હિસાબે બીજો ભાગ તરત મુદ્રિત કરાવવાની ફરજ અમારા પર લાદી. અને એ ફરજના યોગે આજે બીજો ભાગ આપ સૌ સમક્ષ અમે રજૂ કરી શક્યા છીએ.

અને. . . .

આ ચરમતીર્થપતિના શ્રી સંઘે શુભ કાર્યો વ્યવસ્થિત રીતે અને પ્રામાણિકતાથી કરનાર કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા હોય તો જોઇએ તેટલું ધન આપવામાં પાછું વાળીને જોયું છે જ કયારે? અમારા આ ગ્રંથ માટે પણ શ્રી સંઘે પાછું વાળીને જોયું જ નથી.

પ્રથમ ભાગના મુદ્રણના ભાવ કરતાં આ બીજા ભાગના મુદ્રણના ભાવ બમણા થઇ ગયા હતા. કાગળના ભાવ આસમાને પહોંચ્યા હતા. (ગ્રંથ જાડા અને શ્રેષ્ઠ કાગળ ઉપર જ છાપવો એવો અમારો નિર્ણય હતો.) આ બધી સ્થિતિ તે તે સંઘના ભાઇઓ સમક્ષ અમે રજૂ કરી ત્યારે અમને એમજ કહેવાયું કે કાગળના ભાવ ગમે તે હોય, મુદ્રણ અતિ મોંઘું હોય તો પણ, મ્હોં માગ્યા ભાવ આપીને પણ, આ કામ શ્રેષ્ઠપણે થવું જ જોઇએ અને તેથી તેમના આગ્રહ અને સ્નેહ સમક્ષ પરવશ બનીને અમે આ કામ શરૂ કર્યું અને પાર ઉતર્યા.

એક વાત સાચી ન બતાવું તે ય ઠીક નથી. આ સંસ્થા જેમના સહયોગ વગર ચાલત જ નહિં તેવી એકજ વ્યક્તિ છે અને તે મારા મિત્ર સુબોધભાઈ શાહ. સંસ્થાની આ એક વ્યકિતનો મને સહારો ન હોત તો અમે આ સંસ્થા કેવી રીતે ચલાવત? હેરત ન પામતા. અમારી સંસ્થાનો સ્ટાફ ગણો તો આ ઉપરોકત એકજ જણ છે.

મુરબ્બી શ્રી સુબોધભાઈની ધગશ અને મહેનત વગર આ કામ શકય જ ન હતું. તેમની ચીવટ અને જ્ઞાન–અનુભવને લીધેજ આટલું ઝડપી, સ્વચ્છ અને ક્ષતિવગરનું આ મુદ્રણ થઈ શકયું છે. તેથી સૌથી વધુ જશના હકદાર તેઓજ છે. તેમની ચીવટનો હું આભાર માનું છું.